# ગાંધીનગર મહાનગરપાલિકા

**પંડિત દિનદયાળ ઉપાધ્યાય ભવન,**

**ફાયર સ્ટેશનની પાછળ, સેક્ટર–૧૭,**

**ગાંધીનગર–૩૮૨૦૧૬**

**:: ટેન્ડર ડોક્યુમેન્ટ ::**

**(બીજો પ્રયત્ન)**

**: : ટેન્ડર નં.૩૮: :**

**વર્ષ :- ૨૦૨૬–૨૭**

**ગાંધીનગર મહાનગરપાલિકા કચેરી દ્વારા શાળા પ્રવેશોત્સવ ૨૦૨૬ અન્વયે સ્કુલબેગ ખરીદવા બાબત.**

# ગાંધીનગર મહાનગરપાલિકા

**ગાંધીનગર મહાનગરપાલિકા કચેરી દ્વારા શાળા પ્રવેશોત્સવ ૨૦૨૬ અન્વયે સ્કુલબેગ ખરીદવા બાબત.**

| ટેન્ડર પ્રક્રિયા ની અગત્યની તારીખો | | |
|---|---|---|
| ૧ | ઈ.એમ.ડી. , ટેન્ડર ફી ,સેમ્પલ અને બંધ કવરમાં ભાવપત્રક મોકલવાની કરવાની અંતિમ તારીખ તથા સમય | ૧૭/૦૬/૨૦૨૬ સાંજે ૦૩:૦૦ કલાક સુધી |
| ૨ | અંદાજીત રકમ | રૂ.૫૮,૪૧,૦૦૦/- |
| ૩ | ટેન્ડર ફી | રૂ.૫૯૦૦/-<br>(રૂ.૫૦૦૦+૧૮% જી.એસ.ટી. ૯૦૦/-=રૂ.૫૯૦૦/-) |
| ૪ | ઈ.એમ.ડી | રૂ.૧,૭૫,૨૩૦/- |

**નાયબ મ્યુનિસિપલ કમિશનર**
**ગાંધીનગર મહાનગરપાલિકા**

# <u>બેગનો ફોટોગ્રાફ</u>

|  |  |
|---|---|

**<u>ટેન્ડરની શરતો:-</u>**

૧. શરતી ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી.

૨. ટેન્ડર બંધ કવરમાં અને નિયત સમયમાં <u>સ્ટોર શાખામાં</u> મળે તે રીતે તા.૧૭/૦૬/૨૦૨૬ ના રોજ બપોરે ૦૩:૦૦ કલાક સુધીમાં અત્રેની કચેરીની સ્ટોર શાખામાં રૂબરૂમાં મોકલી આપવાનું રહેશે. ટપાલના કવર ઉપર <u>"ગાંધીનગર મહાનગરપાલિકા કચેરી દ્વારા શાળા પ્રવેશોત્સવ ૨૦૨૬ અન્વયે સ્કુલબેગ ખરીદવા બાબતનું, સ્ટોર શાખા"</u> એવું સ્પષ્ટ શબ્દોમાં લખવાનું રહેશે.

૩. આ કામગીરી અંગેની ટેન્ડર ફી (જો કોઈ ઈજારદારશ્રીને ટેન્ડર ફીમાં મુકિત મળવાપાત્ર હોઈ તો Gujrat State Procurement Policy-2024 માં જણાવ્યા મુજબના આધારપુરાવા રજુ કરવાના રહેશે) અને ઈ.એમ.ડી.ની રકમ ડી. ડી./એફ.ડી.આર. થી ભરવાની રહેશે. (જો કોઈ ઈજારદારશ્રીને ટેન્ડર ફીમાં મુકિત મળવાપાત્ર હોઈ તો Gujrat State Procurement Policy-2024 માં જણાવ્યા મુજબના આધારપુરાવા રજુ કરવાના રહેશે) જે "નાયબ મ્યુનિસિપલ કમિશનર, ગાંધીનગર મહાનગરપાલિકા" ના નામનો બનાવવાનો રહેશે. જે ઈજારદારશ્રીઓના ટેકનીકલ બીડ મંજુર થશે તેમના જ પ્રાઈઝબીડ (કોમર્શીયલ) ખોલવામાં આવશે. ટેન્ડર મંજુર થયેથી સિક્યોરીટી ડિપોઝીટની રકમ Gujrat State Procurement Policy-2024 મુજબ લેવામાં આવશે. જે "નાયબ મ્યુનિસિપલ કમિશનર, ગાંધીનગર મહાનગરપાલિકા" ના નામનો બનાવવાનો રહેશે.

૪. ટેન્ડર અન્વયે જે અનામતની રકમ એફ.ડી.આર., એન.એસ.સી. અથવા અન્ય બચત પત્રના માધ્યમથી મુકવામાં આવે તો તેટલી અનામતની રકમ ઉપર મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ ૧૯૫૮ ની અનુસુચિ-૧ ના આર્ટીકલ ૩૬ (ક) સાથે આર્ટીકલ ૨૦ (ક) મુજબ આ રીતે આપવામાં આવેલ અનામતની રકમમાં પ્રત્યેક રૂ.૧૦૦/- અથવા તેના ભાગ માટે ૪.૯૦% ટકા પ્રમાણે સ્ટેમ્પ ડયુટી પાત્ર બને છે.

૫. સદર ટેન્ડરમાં જણાવેલ આઈટમોમાં એલ-૦૧ ના ભાવે કામગીરી કરાવવામાં આવશે. કચેરીની જરુરીયાત મુજબ સપ્લાય કરવાની ટેન્ડરમાં જણાવેલ આઈટમોમાં વધારાની જરુરીયાત ઉભી થશે તો ઈજારાદારશ્રીએ વર્ક ઓર્ડર મળ્યેથી મંજુર થયેલ ભાવે સપ્લાય કરવાની રહેશે. સદર જથ્થામાં વધ-ઘટ થવાની શક્યતા રહેલ છે. વધારો થવાના કિસ્સામાં કચેરીએથી નિયત થાય તે મુજબ સિક્યોરીટી ડિપોઝીટ ભરવાની રહેશે.જે અંગેનો આખરી નિર્ણય ગાંધીનગર મહાનગરપાલિકાનો રહેશે. ટેન્ડરની સમયમર્યાદા સંતોષકારક રીતે પુર્ણ થયા બાદ સિક્યુરીટી ડીપોઝીટ પરત મેળવવા માટે અરજી કરવાની રહેશે. જે નિયમોનુસાર છુટી કરવામાં આવશે.

૬. ગાંધીનગર મહાનગરપાલિકાની જરૂરિયાત મુજબ વર્કઓર્ડર આપવામાં આવશે આવો વર્કઓર્ડર આપ્યાથી તા.૨૧/૦૬/૨૦૨૬ ,બપોરે ૩:૦૦ કલાક સુધીની સમયમર્યાદામાં માલ પુરો પાડવાના રહેશે. ઓડરમાં જણાવેલ સમય-મર્યાદામાં માલ જેટલા દિવસ મોડો મળે તો એક દિવસના રૂ.૨૦૦/- લેખે પેનલ્ટી કપાત કરવામાં આવશે. આવી પેનલ્ટીમાં ઘટાડો કે મુક્તિ આપવી તેની સત્તા ગાંધીનગર મહાનગરપાલિકાની રહેશે.

૭. જે ઈજારદારશ્રીના ભાવો મંજુર થાય તે ઈજારદારે વર્ક ઓર્ડર મુજબ માલ પુરો પાડવાનો રહેશે તેમજ પુરા પાડેલ માલ અંગે કોઇ ફરીયાદ ઉભી થાય તેવા સંજોગોમાં તાત્કાલિક માલ પરત લઇ બદલી આપવાનો રહેશે. ઈજારદારે અત્રેની કચેરીએથી જણાવવામાં આવે તે જગ્યાએ માલનો જથ્થો પોતાના વાહનમાં

પહોંચતો કરવાનો રહેશે. માલ સપ્લાય માટેનું ભાડું ચુકવવામાં આવશે નહીં. અને માલ સપ્લાય કર્યા બાદ બીલ ૨ કોપીમાં તથા તેના સાથે માલ સ્પેશીફિકેશન(નમુના) મુજબનો જથ્થો મળેલ છે તે મતલબનું પ્રમાણપત્ર ,સપ્લાય કર્યા અંગે સ્થળના GPS LOCATION સાથેના ફોટોગ્રાફ, ડીલીવરી ચલણ આપવાનું રહેશે. જે તમામ દસ્તાવેજો બીલ સાથે રજુ થયા બાદ જ બિલ ચુકવણા અંગેની કાર્યવાહી કરવામાં આવશે.

૮. ટેન્ડર મંજુર કરવું, નામંજુર કરવું અથવા એક કરતાં વધુ એજન્સીને કામગીરી સોંપવી તેમજ કામગીરીમાં તકરાર કે વાંધો ઉભો થશે તો આખરી નિર્ણય મ્યુનિસિપલ કમિશનરશ્રી,ગાંધીનગર મહાનગરપાલિકાનો રહેશે. અને આવા કિસ્સામાં ઇજારો કોઈ પણ જાતની નોટીસ આપ્યા સિવાય ઇજારો રદ કરી શકાશે અને સિક્યુરિટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે. ઈજારાના સમયમાં કોઈ તકરાર ઉભી થશે તો કાનુની ન્યાય ક્ષેત્ર ગાંધીનગર રહેશે.

૯. ટેન્ડરમાં ઈજારદારશ્રીએ તમામ ટેક્ષ સાથેના ભાવ ભરવાના રહેશે.

૧૦. સપ્લાય કરેલ ચીજવસ્તુઓ અંગે કોઈપણ ફરિયાદ હશે તો સ્ટોર શાખા દ્વારા જાણ કરવામાં આવશે. જાણ કર્યાના દિન–૨ માં ફરિયાદનું સંતોષકારક નિવારણ કરવાનું રહેશે. વિલંબ થવાના કિસ્સામાં પ્રતિ દિન રૂ.૧૦૦/– પેનલ્ટી બીલમાંથી કપાત કરવામાં આવશે.

૧૧. ઈજારાના સમયમાં કોઈ તકરાર ઉભી થશે તો કાનુની ક્ષેત્ર ગાંધીનગર રહેશે.

૧૨. ટેન્ડર અંગે કોઈપણ બાબતનો નિર્ણય અંગેની સત્તા ગાંધીનગર મહાનગરપાલિકાનો રહેશે.

૧૩. જ્યારે ઈજારદાર અને મહાનગરપાલિકા વચ્ચે કોઈપણ મુદ્દે વિવાદ, ગેરસમજ કે Dispute થાય ત્યારે સૌપ્રથમ આર્બીટ્રેશન મારફત તકરારનો નિકાલ કરવાનો રહેશે.

૧૪. બેગ ઉપર કચેરી દ્વારા જણાવવામાં આવે તે મુજબનું પ્રિન્ટીંગ કરી આપવાનું રહેશે.

૧૫. બેગનું સેમ્પલ સ્ટોર શાખામાં રાખવામાં આવેલ છે. જે અંગેની ચકાસણી કરી ભાવ આપવાના રહેશે અને તે મુજબનો માલ આપવાનો રહેશે.

ઉપરોક્ત અનુંક્રમ. ૧ થી ૧૫ શરતો વેપારીને માન્ય હોય તો જ ટેન્ડરમાં ભાવો ભરવાના રહેશે.

**ભાવ પત્રક (ઓફલાઈન ભરવું)**

| Sr.no. | Item | Qty | Unit | Rate per unit | Total rate |
|---|---|---|---|---|---|
| 1 | School bag as per specification | 4500 | Nos. | | |

**-પ્રમાણપત્ર-**

**ટેન્ડરની તમામ શરતો મે વાંચી સમજી વિચારીને જાણમાં લીધી છે. આ સર્વે શરતો મને બંધનકર્તા રહેશે. ટેન્ડર માટે કોઈ વિસંગતા નથી તે હું સ્વીકારું છું.**

**ટેન્ડર ભરનારની અધિકૃત વ્યક્તિની**

**સહિ**

**કંપની/પેઢીનો રબ્બર સ્ટેમ્પ**